| | | |
|---|---|---|
| वर्ष : १५ | सने : २०१९ | सं.२०७५ |
| अंक : ६, | સળંગ અંક-૯૧ | आसो-ओक्टोबर |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૫ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૯ આસો/ઓક્ટોબર સળંગ અંક-૯૧

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


- ★ લોભ
- ★ વાંચનમાંથી તારવેલું
- ★ ચિંતનયાત્રા
- ★ દાનધર્મ-૨
- ★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**अयशोऽकालमरण -**

**दुक्खं वक्त्रविगन्धिता ।**

**लूतातन्तुमुखा दोषा,**

**भवन्ति गुरुनिन्दया ।।**

ગુરુભગવંતની નિંદા કરવાથી અપયશ, અકાલ મરણ, મુખમાં દુર્ગંધ, લૂતાતંતુ (એક પ્રકારનો રોગ) વગેરે દોષો - અનર્થો - પીડાઓ થાય છે.

ધર્મનો - ધર્મીનો નિંદક જીવ વારંવાર નરકમાં અને તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે. તેને માનવનો જન્મ મળતો નથી !



## ★ લોભ ★★★

**- પૂ. આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

અનંત જ્ઞાની શ્રીતીર્થંકર ભગવંતોના શ્રીમુખે ત્રિપદીના ઉચ્ચાર સાથે શ્રીગણધર ભગવંતોના માધ્યમથી રચાયેલી દ્વાદશાંગી તથા તેના આધારે રચાયેલ અન્ય સત્શાસ્ત્રોમાં ઠેક-ઠેકાણે ક્રોધાદિ કષાયોની અનર્થકારિતા વર્ણવાઈ છે. એ કષાયો જ સમગ્ર સંસારને ટકાવે છે, વધારે છે. દુર્ગતિમાં પરિભ્રમણ કરાવે છે. કષાયો જીવને કર્મથી ભારે બનાવે છે. જેના કારણે ઊર્ધ્વગતિ કરવાના સ્વભાવવાળો આત્મા અધોગતિમાં પટકાય છે. શુદ્ધ-ચિદ્ આનંદનો ભોકતા આત્મા સુખ દુઃખની મહાભયંકર - વિકરાળ ચક્કી(ઘંટી)માં પિસાય છે. છેદન - ભેદન, તાડન - તર્જન, અપમાનાદિ સંખ્ય - અસંખ્ય - અનંત દુઃખોનો ભોગ બને છે ! તેની સુખની ઈચ્છાઓ - કલ્પનાઓ કાચી સેકંડોમાં રોળાઈ જાય છે.

ક્રોધાદિ ચારે કષાયો (ક્રોધ - માન - માયા અને લોભ) વિનાશના માર્ગે લઈ જનારા છે. દુષ્ટ છે, દુર્જન છે, જ્ઞાની જીવનેય મૂર્ખ બનાવનાર છે. અનંત ગુણોના સ્વામી જીવને દોષોથી દુષ્ટ બનાવનાર છે. બાલિશ બનાવનાર છે. કષાયો દુષ્ટ અને દુર્જન છે તો તેનો સહવાસ કરનાર, તેની સોબત કરનાર દુષ્ટતા કે દુર્જનતાનો ભોગ બને જ ને ? સંગ તેવો રંગ લાગવાનો જ. નાગરવેલનાં પાન, કેરી વગેરે દ્રવ્યોમાં એક બગડે તો તેના સંગે તમામને તે સડો લાગે જ. હા, જો એને અલગ કરવામાં આવે તો બાકીના સારા માલને બચાવી શકાય છે. કષાયોથી બચવા પણ તેનાથી દૂર થઈ જવાય તો ક્ષમા - નમ્રતા (વિનય)-સરળતા - સંતોષ વગેરે ગુણોને આબાદ બચાવી શકાય છે.

ચારે કષાયોનું બાહ્ય સ્વરૂપ જુઓ તો સંત જેવું લાગે છે. એનાથી લાભ થતો હોય એવો આભાસ ઊભો થાય છે પરંતુ એ સંત નથી, શેતાન છે. **ક્રોધ નામનો શેતાન પ્રીતિનું મોત કરી નાખે છે. માન નામનો શેતાન વિનયગુણનું ગળું દબાવે છે. તો માયા નામનો મોહક શેતાન મિત્રતાની પીઠમાં ખંજર ભોંકી વિશ્વાસઘાત સાથે યમસદન પહોંચાડે છે. જ્યારે લોભ નામનો મહાશેતાન તો તમામ ગુણોની હોળી કરીનાખે છે. મતલબ બધા જ ગુણોનો અગ્નિસંસ્કાર કરી દે છે !** આ સ્થિતિમાં એક પણ કષાયનો વિશ્વાસ કરવા જેવો નથી. તમામ શેતાનોથી હંમેશા દૂર જ રહેવા જેવું છે. એનો પડછાયો લેવામાંય પાપ છે, અહિત - અકલ્યાણ છે.

જો વાસ્તવિકતા વિચારીએ તો એમ કહેવાય કે - દોષોદ્વારા ગુણોનો ઘાત છે. પરજન - દુશ્મન દ્વારા સ્વજનની હિંસા છે. જડદ્વારા જીવની સંપત્તિનો વિનાશ

છે. મોહરાજાના સેવકો દ્વારા ધોળે દિવસે અને ઉઘાડી આંખે પોતાની (વિશિષ્ટ ખજાનાથી) તિજોરીમાથી લૂંટ છે... આ બધામાં સૌથી દુ:ખદ વાત તો એ છે કે - આ બધામાં પોતાનો જ હાથ ને સાથ છે ! મોહરાજાએ એવું તો આત્મા ઉપર સંમોહન કર્યું છે કે - પોતે જ જાણે કહી રહ્યો છે - લૂંટો ભાઈ ! લૂંટો.. લૂંટાય તેટલું લૂંટો.. ખજાનો OPEN મૂકી દીધો છે ! આત્મા જ્યારે અજ્ઞાની બને છે, અથવા જ્ઞાન હોવા છતાં મોહમૂઢ બને છે, ત્યારે આવી જ સ્થિતિ સર્જાય છે. મોહરાજા એવું તો ક્લોરોફોમ સુંઘાડે છે કે લગભગ બેભાન જેવી સ્થિતિમાં આત્મા ચાલ્યો જાય છે.

આ ચારે કષાયોમાં પણ સહુથી ખરાબ - ખતરનાક - અનર્થ કરનાર લોભ છે. આ લોભની કેટલીક વાતો અહીં વિચારવી છે. આ લોભે ઘણી વાર છડેચોક આત્માની - જાતની ફજેતી કરી છે.. આબરું લીધી છે. પરંતુ હજી તેની શાન ઠેકાણે આવી નથી. જીવ ભાનમાં આવ્યો નથી. એ જીવ બેશરમ બનીને જાતનું પ્રદર્શન કરે છે !

દુ:ખથી ડરનારો - વેદનાથી ભાગનારો આ જીવ લોભને વશ થઈ ઠંડી-ગરમી, ભૂખ-તરસ, માન-- અપમાનનાં દુ:ખોનું સ્વાગત કરવા તૈયાર થઈ જાય છે! ગરમાગરમ તપાવેલું સીસું પીવાય તૈયાર થઈ જાય છે. મતલબ, કાતિલ - જાલિમ દુ:ખો ભોગવવા જ નહિ, એવી વેદનાઓને આમંત્રણ આપવા તત્તપર હોય છે. કરુણતા એ છે કે - આટલી વેદનાનો શિકાર બન્યા પછી પણ સુખનો છાંટોય મળતો નથી. વેદનાનો ગુણાકાર જ થાય છે. શારીરિક માનસિક વગેરે તમામ પ્રકારની પીડાઓના ડુંગરો એના જીવનમાં ખડકાય છે.

જીવનમાં કે ભવનમાં (મકાનમાં - તિજોરીમાં) ધન ન આવે તેથી ચિંતાગ્રસ્ત એ પહેલી પીડા... એટલે કે ધન મેળવવા માટે - ઉપાર્જન માટે સતત ચિંતા કરતો હોય છે. પ્રાપ્ત થયા બાદ એના રક્ષણના ઉપાયોમાં હંમેશા - રાત દિવસ ચિંતાની ચિતામાં શેકાતો હોય છે. હંમેશા મનમાં ઉચાટ વ્યગ્રતા રહ્યા કરે છે.

બીજી તરફ કુંવારો હોય ત્યારે - ત્યાં સુધી લાવણ્યવતી રૂપવતી, સ્નેહવતી, યૌવનવતી, કલા-કૌશલ્યવતી સ્ત્રી (કન્યા) મેળવવાની ચિંતા-પીડાથી મરતો - ઝૂરતો હોય છે ! હા, આવી સ્ત્રી મળ્યા પછી પુત્ર-પ્રાપ્તિની ઇચ્છા -ભાવનામાં દુભાતો - દુ:ખી થતો હોય છે. પુણ્યોદયથી ધનવાન - ધનેશ્વર થઈ જાય, લગ્નાદિ થઈ જાય અનેક પુત્રવાળો બની જાય.. લોકોમાં ગણનાપાત્ર બની જાય.... ત્યારે લાકડાને ઘુણ નામના કીડાઓનો સમુદાસ જેન કોરી ખાય તેમ તેને (પુરુષને) રોગ-શોક, અનિષ્ટ સંયોગ, ઇષ્ટવિયોગ, મળેલાને સાચવવાની ચિંતા, ન મળેલાને



મેળવવાની ચિંતા, વગેરે સતત (તેના મગજને) કોરી ખાય છે. તેના યોગે તે જીવ બળવાન હોવા છતાં નિર્બળ બની જાય છે. બિચારો - રાંકડો સાબિત થાય છે. એટલું જ નહિં, આખું જીવન જેના માટે વેડફી નાખ્યું... ઘસી નાખ્યું... ગુમાવ્યું.. જેના માટે ખાવા-પીવા-હરવા - ફરવાદિનાં મજેનાં સુખો જતાં કર્યાં.... અળખામણાં દુ:ખોનાં ઓવારણાં લીધાં... અપમાનાદિનાં કડવા ઘૂંટ પીધાં... રાત -દિવસ ઉજાગરા કર્યા. (ઊંઘ હરામ કરી), એ જ ધન મિલકત પરિવારાદિ બધું જ અહીં મૂકી રવાના થવું પડ્યું ! કેવી આ ઘોર વિડંબના ?

આવું તો એકવાર નહિ, અનેકવાર - સંખ્ય - અસંખ્યવાર થયું.. છતાં મારી આંખ ઊઘડતી નથી...! મારું શું થશે ? પરલોકમાં રવાના થયો ત્યારે; જેના માટે પ્રાણ પાથર્યા એ જ પત્ની-પુત્ર-પરિવાર-પૈસો.... સગા-સ્નેહીજનો .. આશ્વાસનના બે શબ્દ સંભળાવવાય ન આવ્યા.... અરે ! એ જ સ્વજનો મને પ્રેતભૂમિ - સ્મશાનમાં લઈ ગયા... ત્યાં મારો અગ્નિસંસ્કાર કરી તેમણે જ મારી રાખ - માટી કરી નાખી. અરરર! મારી મૂર્ખાઈનો પાર નથી. મારી બુદ્ધિનું મેં જ દેવાળું કાઢ્યું.. બુદ્ધિનો બેતાજ બાદશાહ ગણાતો હું બુદ્ધુ પુરવાર - સાબિત થયો. જ્ઞાની ભગવંતોએ મને જગાડ્યો.... રોક્યો... ચેતવ્યો... પણ ગમાર જેવાં મેં એ વાતો ન ગણકારી... કાને ન ધરી... આંખ આડા કાન કર્યા... કદાચ એ જ્ઞાનીઓની મશ્કરી કરી.. એ વાતોને મેં હાસ્યાસ્પદ ગણી અથવા અવગણી.

લોભ શબ્દ જ આકર્ષણનો વાચક છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં જણાવ્યું છે કે - જહા લાહા તહા લોહો, લાહા લોહો પવઢ્ઢઈ અર્થાત્ જેમ લાભ થાય, પ્રાપ્ત થાય તેમ લોભ જાગે છે. લાભ થવાથી લોભમાં વૃદ્ધિ થાય છે. મતલબ, જેમ જેમ ધનાદિની પ્રાપ્તિ થતી જાય છે, એ પ્રાપ્તિમાં જેમ જેમ સફળતા મળતી જાય છે, તેમ તેમ લોભ (વધારે વધારે મેળવવાની વૃત્તિ) પણ વધતી જાય છે. **'પાપ કર્યા વગર અને પુણ્યનો ખર્ચ કર્યા વગર સંપત્તિ (ધન) વગેરે મળતાં નથી'** આ વાત જીવ ભૂલી જાય છે. ધન મેળવવા માટે બેસુમાર પાપો કરે જાય છે. પાપવૃત્તિનો પરિહાર એ ધર્મ છે. પાપ અને પાપવૃત્તિ પર તિરસ્કારનો ભાવ જગાડવાની વાત શાસ્ત્રકાર ભગવંતો કરે છે. અલબત્ત, પાપ કરતાં પાપવૃત્તિ વધારે અહિત કરનારી છે. પાપ તો જ્યારે કરે ત્યારે જ પાપકર્મનો બંધ કરાવે છે. જ્યારે પાપવૃત્તિ તો પાપ ન કરવા છતાં પાપકર્મોપાર્જન ચાલું રખાવે છે. પાપની પ્રવૃત્તિ સાથે પાપવૃત્તિ ભળે છે ત્યારે પાપમાં ચિકાશ ઉમેરાય છે. ગાઢ - તીવ્ર પાપનો બંધ થાય છે. પાપનો અનુબંધ પણ પડે છે. તેનાથી પાપની પરંપરા ચાલે છે.

શાસ્ત્રકાર ભગવંત લખે છે; પાપનું મૂળ લોભ છે. રોગોનું મૂળ વિવિધ રસ - સ્વાદ છે (ખારો - ખાટો - મધુર - તીખો - કડવો - તુરો વગેરે). દુ:ખોનું મૂળ

સ્નેહ (મોહ - રાગ) છે. આ ત્રણેનો ત્યાગ કરી સુખી થા. એટલે કે સુખી થવું હોય તો ત્રણેનો પરિત્યાગ જરૂરી છે. ત્રણ કે ત્રણમાંથી એકનો ત્યાગ પણ સુકર નથી. પાપ - રોગ અને મોહ ત્રણે દુ:ખદાયી છે, એ માનવા જીવ તૈયાર છે... પરંતુ તેનાં કારણો કયાં છે ? તે જાણવા - સ્વીકારવા અને તેનાથી બચવા કેટલા તૈયાર છે ? એ મોટો પ્રશ્ન છે. દુ:ખ ન જોઈતું હોય તો તેની મૂલોગામી ટ્રીટમેન્ટ (સારવાર) થવી જઈએ. મૂળનો વિનાશ થયા પછી થડ - ડાળી - પાંદડાં વગેરે કાંઈ જ રહેતું નથી. માટે મૂળનો જ વિનાશ કરવો યોગ્ય છે, જેથી ફરી ક્યારેય એ ઝાડ ઊગી જ ન શકે.

લોભનો ક્યારેય અંત આવતો નથી. ગમે તેટલું મળવા છતાં તૃપ્તિ થતી નથી. ઈચ્છાઓ વધ્યા જ કરે છે. ઇચ્છાઓ આકાશની જેમ અનંત છે. એનો ક્યારેય અંત આવતો જ નથી.'હવે બસ' આવો ભાવ લોભવૃત્તિ ગ્રસ્ત જીવને જાગતો નથી. લોભી માનવ-જીવ ક્યારેય પાપ કરતાં અટકતો નથી. પાપ કરવા માટે એ સાહસિક બનતો જાય છે. સાહસિકતાને પાપ સાથે જોડવા જીવ તૈયાર છે પરંતુ ધર્મ સાથે જોડવા તૈયાર થતો નથી. એટલે કે પાપ કરતાં ગમે તેટલાં કષ્ટો આવે, ગમે તેટલી ઉપાધિઓ આવે... રોગાદિની પાડાઓ આવે, અપમાનાદિ થાય તોય પાપનો ત્યાગ કરવા કે તેનો છેડો ફાડવા જીવ તૈયાર થતો નથી.. આ પણ એક આશ્ચર્ય છે અથવા મોહ (લોભાદિ કષાયો)નું જીવ પર એકચક્રી સામ્રાજ્ય છે ; એવું માનવું પડે. આવા કષાયોની નાગચૂડમાંથી શીઘ્ર મુક્તિ મેળવો, જેથી તમામ દુખો અને પાપોમાંથી.. યાવત્ સમગ્ર સંસારથી મુક્તિ પ્રાપ્ત થાય ... એ જ મંગલકામના. ધ

## ★ વાંચનમાંથી તારેવલું ★★★

**- શ્રી ધર્મમિત્ર**

• સર્વકળાઓનો અભ્યાસ કરવાની શક્તિ ન હોય તો શ્રાવકપુત્રે આ લોકમાં જીવનનિર્વાહ થાય અને પરલોકમાં શુભગતિ થાય એવી એક કળાનો તો સારી રીતે અભ્યાસ કરવો. કળા આત્મસાત્ કરવી. - **શ્રાદ્ધવિધિ**

• જીવનનિર્વાહ માટે 'ઉચિત' વ્યાપારની વાત શાસ્ત્રકારો કરે છે. તેથી પાપમય (વિશેષ પાપવાળો) અને લોકોમાં (ધાર્મિક દૃષ્ટિએ) નિંદ્ય હોય તેવો વ્યાપાર ન કરવો.

• પાણિગ્રહણ - વિવાહ - લગ્નઃ પોતાના ગોત્રથી ભિન્ન ગોત્રવાળા અને સમાન કુલ-શીલ (સદાચાર) - રૂપ - વય - વિદ્યા - સંપત્તિ - વેષ - ભાષા - પ્રતિષ્ઠા વગેરે હોય તેવી વ્યક્તિ સાથે કરવાથી ધર્મ - અર્થ - કામ પુરુષાર્થમાં બાધ



પણ ન આવે.. અંદર - અંદર નિંદા - હીલના, કુટંબમાં કલહ - કલંક વગેરે દોષો ઊભા ન થાય. વળી આ રીતે કરવાથી સુખ - ધર્મ અને મોટાઈ વગેરે મળે છે. દા.ત. પેથડશા અને પ્રથમિણી પત્ની. કન્યાદાન કરનારે વરમાં ૧ કુલ ૨ શીલ ૩ સગાં-વહાલાં ૪. વિદ્યા ૫. ધન ૬. શરીર ૭. વયઃ આ સાત ગુણનો વિચાર કરવો જોઈએ. પછીની વાતો ભાગ્યાધીન છે. કન્યાથી ત્રણ ગણી ઉંમર હોય, પરદેશમાં રહેનારો હોય, મૂર્ખ હોય, નિર્ધન હોય, શૂરવીર (યોદ્ધો) હોય, મુમુક્ષુ (મોક્ષની ઈચ્છાવાળો - દીક્ષાની ભાવનાવાળો) હોય તો તેવા વરને ડાહ્યા - બુદ્ધિશાળી માનવે કન્યા ન આપવી.

ઉપરાંત, આશ્ચર્ય ઉપજાવે એટલી સંપત્તિવાળો હોય, ખૂબ જ ઠંડો હોય, અત્યંત ક્રોધી હોય, હાથ-પગ અથવા શરીરના અવયવોમાં રોગ કે ખોડ - ખાંપણ હોય, કુળ - જાતિથી હીન હોય, માતા - પિતાથી જુદો રહેતો હોય... જેને પૂર્વે પરણેલી સ્ત્રી કે પુત્રાદિ હોય તેને પણ કન્યા ન આપવી.

જેને ઘણા લોકો સાથે વૈર-દુશ્મનાવટ હોય, જેટલું ધન મળે તેટલું ખર્ચીનાખનાર (ઉડાઉ) હોય... આળસુ હોય કે પોતાના ગોત્રમાં ઉત્પન્ન થયેલ હોય, જુગાર - ચોરી વગેરે વ્યસનવાળો હોય.. તેને કન્યા ન આપવી.

• અગ્નિ - દેવ વગેરેની સાક્ષીએ હસ્તમેળાપ (પાણિગ્રહણ) કરાય તેને વિવાહ કહેવાય. લોકમાં (લૌકિક દૃષ્ટિએ) આવા વિવાહના આઠ પ્રકાર ગણાય છે. ૧. આભૂષણ પહેરાવી, તે આભૂષણ સહિત કન્યાદાન આપવું તે બ્રાહ્મવિવાહ કહેવાય. ૨ ધનના વ્યય (ખર્ચ) પૂર્વક કન્યાનું દાન કરવું તે પ્રાજાપત્યવિવાહ ગણાય. ૩. ગાય-બળદના જોડા સાથે કન્યાદાન કરાય તે આર્યવિવાહ કહેવાય. ૪. યજમાન બ્રાહ્મણને યજ્ઞ-દક્ષિણા તરીકે કન્યા આપવામાં આવે તે દૈવ વિવાહ તરીકે ઓળખાય. ૫. માતા-પિતા વગેરે બંધુ વર્ગ (નજીકના સગાં)માં પરસ્પર પ્રેમ થતાં કન્યા, મનગમતા વરને વરે (પરણે) તે ગાંધર્વ વિવાહ તરીકે ગણાય. ૬. કોઈપણ પ્રકારનો ઠરાવ કરીને (શરતાધીન) કન્યાદાન કરાય તે આસુરીવિવાહ કહેવાય. ૭. બળાત્કારે (અનુમતિ વગર) કન્યાનું અપહરણ કરી વિવાહ કરી લે તો રાક્ષસવિવાહ ગણાય. ૮. સૂતેલી કે પ્રમાદમાં રહેલી કન્યાને ગ્રહણ કરવી તે પૈશાચવિવાહ તરીકે ઓળખાય છે. પ્રથમના ચાર વિવાહ લૌકિકદૃષ્ટિએ ગ્રાહ્ય છે. છેલ્લા ચાર પ્રકાર લૌકિક દૃષ્ટિને પણ અનુસરતા નથી. મતલબ અયોગ્ય ગણાય છે.

પવિત્ર સ્ત્રી હોય, પુરુષ (વર) તેનું બરાબર રક્ષણ કરે તો તેની સંતતિ સારી થાય છે. મનમાં હંમેશા શાંતિ રહે છે. ઉચાટ કે બળાપો રહેતો નથી. ગૃહકૃત્ય પણ વ્યવસ્થિત - સુયોગ્ય રીતે ચાલે છે. કુલીનપણું જળવાય છે. આચાર-વિચાર પવિત્ર રહે છે. દેવ-અતિથિ તથા બાંધવ જનોના સત્કારનું પુણ્ય થતું રહે છે.

• આજીવિકાના જગતમાં સાત ઉપાયો ગણાય છે ૧. વ્યાપાર ૨. વિદ્યા ૩. ખેતી ૪. પશુપાલન ૫. શિલ્પ - કળા ૬. સેવા અને ૭ ભિક્ષા. એમાં વણિક કોમ (વાણિયા) વણજ - વ્યાપારથી આજીવિકા ચલાવે છે. વૈદ્યો વગેરે પોતાની વિદ્યાથી આજીવિકા ચલાવે છે. કણબી -ખેડૂતો ખેતીના માધ્યમથી જીવન જીવે છે. ગોવાળ - ભરવાડ વગેરે રબારી કોમ પશુપાલન - રક્ષણ વગેરેથી જીવન ગુજારે છે. ચિત્રકાર-કુંભાર વગેરે જ્ઞાતિવાળા શિલ્પ-કલા કૌશલ્યથી નભે છે. રાજા વગેરેની સેવાથી બ્રાહ્મણ વગેરે આજીવિકા ચલાવે છે, જ્યારે ભિખારી - ભિક્ષાચરો ભીખ માંગવાદ્વારા જીવન જીવે છે.

• મંત્રી, શ્રેષ્ઠી, સેનાપતિ આદિનાં તમામ કાર્યો રાજસેવામાં આવે છે. તે તમામ કાર્યો ઘણાં પાપમય છે. પરિણામે કડવા છે તેથી શ્રાવકોએ તે કાર્યો છોડવાં, ન કરવાં. કહ્યું છે કે જે માનવીને જે અધિકાર ઉપર નિયુક્ત કરવામાં આવે તે ત્યાંથી ચોરી કર્યા વગર ન રહે. ધોબી પહેરવાનાં (પોતાને માટે) વસ્ત્રો શું ખરીદીને પહેરે છે ? નાં... લગભગ ચોરીને પહેરે છે.

• મનમાં અધિક ચિંતા ઉત્પન્ન કરાવનારા અધિકારો જેલ - કારાગૃહ સમાન છે. રાજાના અધિકારીઓને પહેલેથી નહિ, પણ પરિણામે બંધન થાય છે. માટે તમામ રાજ્યનાં કાર્યોનો ત્યાગ કરવો. કદાચ રાજકારભાર કરવાનો વખત આવે, કરવાં જ પડે... તો પણ જેલર, કોટવાળ, સીમારક્ષકઃ આ અધિકારો ઘણાં પાપમય અને નિર્દય માણસ જ કરી શકે તેવાં હોવાથી શ્રદ્ધાવંત શ્રાવકે ન જ કરવાં. ઉપર જણાવેલાં કાર્યો સંભાળનારા પોતાના પરિવારને કે બીજા માનવોને સુખ આપી શકતા નથી. કદાચ આ સિવાયનાં રાજ્ય કાર્યો સ્વીકારવાં પડે તો તેણે વસ્તુપાળમંત્રીશ્વર - પેથડશાની જેમ શ્રાવકોના સુકૃતોની કીર્તિ થાય તે રીતે અધિકાર ચલાવવા. જે માનવો પાપમય રાજ્યકાર્યો કરવા છતાં તેની સાથે જો ધર્મનાં કાર્યો દ્વારા પુણ્યોપાર્જન ન કરે તો તે માનવો; ધનમાટે ધૂળ ધોનારા જીવો કરતાં પણવધુ મૂઢ છે. (ધૂળ ધોયા- સોનું શોધવા ધૂળ ધોનારા)

• કોઈક સમયે અન્ય માર્ગે આજીવિકા ન ચાલે તો શ્રાવકને ત્યાં નોકરી કરે, મિથ્યાત્વીને ત્યાં ન કરે. શાસ્ત્રકાર શ્રાવકની ભાવના જણાવતાં લખે છે : 'જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત એવો હું શ્રાવકના ઘરમાં દાસ થાઉં પરંતુ મિથ્યાત્વથી મોહિત પ્રજ્ઞાવાળો રાજા કે ચક્રવર્તી ન થાઉં.' મિથ્યાત્વીને ત્યાં નોકરી કરવી જ પડે તો પોતાના ધર્મને બાધા ન પહોંચે તેવા ઉપાયો વિશેષ કરવા એટલે કે પોતાનો ધર્મ ન ચૂકવો.



• વ્યાપારી વગેરે જીવો ૧. વ્યવહાર શુદ્ધિ ૨. દેશાદિવિરુદ્ધ ૩. ઉચિત આચારોનું પાલન ૪. પોતાના ધર્મનો નિર્વાહ કરવા પૂર્વક ધનપ્રાપ્તિનો પુરુષાર્થ કરે. ધર્મને બાધ આવે તે રીતે ધનનો - અર્થનો પુરુષાર્થ ન કરે. ૧. મન - વચન - કાયાની કપટતા રહિત, સરળતા - નિર્મળતા યુક્ત થઈ, અસત્ય - ઈર્ષ્યારહિત, વ્યાપાર કરે, તે વ્યવહાર શુદ્ધિ ગણાય. ૨. દેશ-જ્ઞાતિ - લોકથી વિરુદ્ધનો ત્યાગ કરવા પૂર્વક વ્યાપાર - દ્રવ્યોપાર્જન કરે તે ન્યાયોપાર્જિત વિત્ત (ધન) ગણાય. ૩. માલ વગેરેની લેવડ - દેવડમાં કપટ (ઘાલમેલ) ન કરે, તે ઔચિત્ય પાલનપૂર્વક વ્યાપાર ગણાય. ૪. ઉપર જણાવેલી ત્રણો ચીજો સાચવીને અને પોતે સ્વીકારેલાં વ્રત-પચ્ચક્ખાણ - અભિગ્રહાદિનું બરાબર પાલન કરવા પૂર્વક ધન મેળવવાનો પુરુષાર્થ કરે. ધર્મને દૂર મૂકીને કે લોભાદિને વશ થઈ નિયમાદિને ગૌણ કરી ધન કમાવાની વૃત્તિ ન રાખે. આવા દ્રવ્યોપાર્જન માટે ઉપદેશ આપવાની જરૂર હોતી નથી.

અનાદિકાલીન પરિગ્રહ, લોભાદિ સંજ્ઞાઓના યોગે તમામ માનવો ધનનો પુરુષાર્થ કરતા જ હોય છે. માટે શાસ્ત્ર તો એટલું જ જણાવે છે કે - ધર્મને કોઈપણ બાધ-સ્ખલના ન પહોંચે તે રીતે ધન - ઉપાર્જન કરવું (આગમની આટલી જ આજ્ઞા છે.)

• દુનિયાના જીવો આરંભ - સમારંભ (પાપ)નો જે પુરુષાર્થ કરે છે તેના લાખમા ભાગનો પુરુષાર્થ પણ ધર્મ માટે કરે તોય ઘણો કહેવાય અર્થાત્ એટલો પુરુષાર્થ ધર્મ માટે કરે તો કાંઈ જ મેળવવાનું બાકી ન રહે.

• સ્નાત્ર (પ્રક્ષાલ - અભિષેક), વિલેપન, આભરણ (અલંકાર) વસ્ત્ર, ફલ (હાથમાં મૂકાતાં બિજોરાં વગેરે), ગંધ (વાસક્ષેપ), ધૂપ, પુષ્પાદિ દ્વારા થતી પૂજા અંગપૂજામાં ગણાય છે - **બૃહદ્ભાષ્ય.**

• શાંતિક કાર્યોમાં શ્વેતવર્ણવાળાં, લાભદાયક કાર્યોમાં પીળાવર્ણવાળાં, શત્રૂના જય માટે શ્યામવર્ણવાળાં, મંગળકાર્યોમાં લાલરંગનાં અને કાર્યસિદ્ધિ માટે પાંચે વર્ણનાં પુષ્પો વાપરવાં, પંચામૃતનો અભિષેક તથા ઘી-ગોળનો દીવો શાંતિ માટે કરાય છે. અગ્નિમાં લૂણ (મીઠું) નો નિક્ષેપ (લૂણ ઉતારવાની ક્રિયા) શાંતિક અને પૌષ્ટિક કાર્યો માટે ઉત્તમ ગણાય છે. - **શ્રાદ્ધવિધિ.**

• ખંડિત, સાંધેલાં, છિદ્રવાળાં, લાલરંગનાં, ભયંકર દેખાતાં વસ્ત્રો પહેરીને કરાતાં; દાન - પૂજા - તપ - હોમ - પ્રતિક્રમણાદિ કાર્યો નિષ્ફળ થાય છે.

• હાથમાંથી જમીન પર પડી ગયેલું, જમીન પર રહેલું, પગ વગેરે અપવિત્ર

અંગને સ્પર્શેલું, મસ્તકથી ઉપર ઉપાડેલું (ગયેલું), ખરાબ વસ્ત્રમાં રાખેલું, નાભિથી નીચે રાખેલું, દુષ્ટજન કે હિંસક જીવે સ્પર્શેલું, વજન વગેરેથી હણાયેલું (દબાયેલું) કીડા વગેરેએ દૂષિત કરેલું... આવું ફૂલ - ફળ કે પત્ર વગેરે ભગવાનને ચઢાવવું નહિ. તે ઉપરાંત સૂકાઈ ગયેલાં, વિખરાયેલી પાંદડીઓવાળાં, નીચ લોકોએ સ્પર્શેલાં, વિકસ્વર ન થયેલાં (કળીરૂપે રહેલા), કીડા પડેલાં (ઈયળ વગેરે જીવોવાળાં), વાશી, સડેલાં, શોભારહિત હોય તેવાં, હીન જાતિનાં, દુર્ગંધવાળાં, સુગંધ વગરનાં, ખારી ગંધવાળાં, મળ - મૂત્રાદિ વાળી જમીનમાં ઊગેલાં અને અપવિત્ર પદાર્થના સંયોગથી અશુદ્ધ થયેલાં ફૂલો પ્રભુજીને ન ચઢાવવાં, રોજ સવિસ્તર કરતા હોય ત્યારે, વિશેષ પર્વના દિવસોમાં ૩-૫-૭ પુષ્પાંજલિ અર્પણ કરવા પૂર્વક પરમાત્માનું સ્નાન કરવું. (શ્રીવીર વિજયજી મ.ના સ્નાત્રમાં સાત કુસુમાંજલિ; સ્નાત્રના પ્રારંભમાં એ માટે જ આપવાની ક્રિયા જણાવી હોય તેમ લાગે છે.) - **શ્રાદ્ધવિધિ**

• ગૃહ જિનાલયમાં પૂર્વ અથવા ઉત્તરદિશા સન્મુખ ઊભા રહી પૂજા કરવી. પશ્ચિમદિશા સન્મુખ રહી પૂજા કરવાથી ચોથી સંતતિથી વંશનો વિચ્છેદ થાય. દક્ષિણદિશા સન્મુખ રહી પૂજા કરવાથી સંતતિ જ ન થાય. (નિર્વંશ થાય.) અગ્નિ-ખૂણા સન્મુખ રહી પૂજા કરે તો દિન-પ્રતિદિન ધનની હાનિ થાય. વાયવ્ય સન્મુખ રહી પૂજા કરે તો તેને પુત્ર જ ન થાય. નૈઋત્ય સન્મુખ રહી પૂજા કરે તો કુળનો ક્ષય થાય. ઈશાનખૂણા સન્મુખ રહી પૂજા કરે તો એક સ્થાનકે સુખ પૂર્વક રહી ન શકે. માટે દક્ષિણ - પશ્ચિમ અને ચારે વિદિશાઓનો ત્યાગ કરવો. અર્થાત્ ગૃહજિનાલયમાં ભગવાન તે રીતે જ બિરાજમાન કરવા.

• પૂજા કરવા માટે અગર - તગર - કેસર - કસ્તૂરી - સેલારસ વગેરે (ઉત્તમ દ્રવ્યો છે. પરંતુ એ દ્રવ્યો) ન હોય તો ચાલે પરંતુ ચંદન વગર તો ન જ ચાલે. માટે શુદ્ધ ચંદનનો ઉપયોગ તો કરવો જ.

• અરિહંત પરમાત્માની કેસર-ચંદન, માલા, દીપક, પ્રમાર્જન, નૈવેદ્ય વસ્ત્ર, ધૂપ વગેરેથી રોજ પૂજા કરવાથી તીર્થની ઉન્નતિ થાય છે - **મહાનિશીથ.**

• લોકોમાં પણ કહેવાય છેઃ ધૂપથી પાપો બળી જાય છે. દીપકથી મૃત્યુરહિત (અમર) બનાય છે. નૈવેદ્યથી વિશાળ રાજ્યની પ્રાપ્તિ થાય છે અને પ્રદક્ષિણા સિદ્ધિ આપે છે. રાંધેલા કૂર (ચોખા) અથવા અન્ન (બલિ-નૈવેદ્ય) થી ઉપદ્રવોની શાંતિ થાય છે. **નિશીથ સૂત્રની પીઠિકામાં** જણાવ્યું છે કે - ઉપદ્રવાદિની શાંતિ માટે બલિ (નૈવેદ્ય) કરવો - ધરવો. - **શ્રાદ્ધવિધિ**

ધ



# ★ ચિંતનયાત્રા ★★★

**- શ્રી ધર્મમિત્ર**

• પ્રેમ - કરુણા - વાત્સલ્યનું સ્થાન ક્યાં ? પ્રેમ તો મિત્ર - સ્વજન આદિ પાસે મળી શકે છે. કરુણા દુઃખી જીવોને જોવાથી કંઈક જીવોનાં હૃદયમાં જાગી શકે છે. વાત્સલ્ય માતાના દિલમાં પ્રાપ્ત થાય છે. ત્રણે મળે છેઃ અરિહંતના દિલમાં ...! તેનો અંશ મળે છે સાધુના હૃદયમાં.

• દ્વેષ શત્રુના દિલમાં મળે છે. સંયમી સંસારના દુશ્મન હોવાથી તેમના દિલમાં સંસાર-સુખ વગેરે પ્રત્યે દ્વેષ - ઉદાસીન ભાવ હોય છે.

• ઉદારતા વિના દાન શક્ય નથી. સદાચાર વગર શીલ શક્ય નથી. ઈચ્છા પર બ્રેક મૂક્યા વગર તપ શક્ય નથી. સજ્જનતા વગર શુભભાવ સંભવિત નથી. મુનિઓનાં જીવનમાં, ધર્મી આત્માના જીવનમાં ચારે મળે છે.

• સંસારી જીવો ભૌતિક આનંદની શોધમાં જીવન વિતાવે છે. સાધુ - સંતો આધ્યાત્મિક આનંદની શોધમાં રાત -દિવસ વ્યતીત કરે છે !

• સંસારીજીવો આધિ-વ્યાધિ-ઉપાધિમાં પકડાયેલા - જકડાયેલા હોવાથી તેમને પ્રસન્નતા શોધવી પડે છે. સાધુજનોને સહજ પ્રસન્નતા પ્રાપ્ત થતી હોય છે. સંસારીજીવોની જેમ ઉછીની લાવવી પડતી નથી. સ્વાભાવિક પ્રસન્નતાનું પાવર હાઉસ છે; સંતો.

• માનસીક પાપ વગર વાચિક કે કાયિક પાપ થતાં નથી, માટે મનમાં પાપ વિચાર ન જાગે તે માટે સતત સાવધાની રાખો. મનમાં ઊઠેલા પાપવિચારને તરત જ ડામવાનો યત્ન કરો. તે જ રીતે શુભવિચારોથી જ શુભપ્રવૃત્તિ થાય છે. માટે શુભવિચારો આવ્યા પછી એને તરત અમલમાં મૂકો. એમાં વિલંબ ન કરો. શુભભાવોને ટકાવવાનું કાર્ય કઠિન છે. સંયોગો અને સમય (વિલંબ) શુભભાવને ટકવા દેતા નથી.

• પરમાત્માની કૃપા સતત વરસતી જ હોય છે. પરંતુ એ કૃપાને ઝીલનાર જ પ્રાપ્ત કરી શકે છે. વરસાદ તો વરસતો હોય પણ ઝીલનાર વ્યવસ્થિત પાત્ર લઈને ઊભો રહે તો જ એ જળને પ્રાપ્ત કરી શકે. જળ મળ્યા પછી જ તેની શીતલતા, તૃષાશમન વગેરે કાર્ય સિદ્ધ થાય છે. તે જ રીતે પ્રભુની કૃપા મળ્યા પછી જ બાકીનાં કાર્યો સિદ્ધ થાય છે.

• પાંચે ઈન્દ્રિયો હિંસા કરે છે. દરેક ઈન્દ્રિયો જૂઠ (અસત્ય) નું પાપ બંધાવે છે. તમામ ઈન્દ્રિયો ચોરી કરે છે. પ્રત્યેક ઈન્દ્રિય અબ્રહ્મસેવન કરે છે અને દરેક ઈન્દ્રિયો

પરિગ્રહના પાપમાં નિમિત્ત બને છે. મનથી પણ પાંચે આશ્રવ-પાપ બંધાય છે. માટે જ તો ઇન્દ્રિયોના ઘોડાપૂરને કાબૂમાં લેવાના છે. મનને વશ કરવાનું છે. ચંચળ મન-માંકડાને સ્થિરતાની-સંવરની સાંકળથી બાંધો.

• ઇન્દ્રિયો અને મન અનાદિ કાળથી દુર્જન તરીકે કામ કરી રહ્યાં છે. તેને શાસ્ત્રવચનોના સ્વાધ્યાયાદિ ધર્માનુષ્ઠાનોથી સજ્જન બનાવવાનો પ્રયત્ન કરવાનો છે.

• પુણ્યથી ઔદયિક ભાવના ફાયદા થાય તે નુકશાન કારક પણ હોઈ શકે છે. ક્ષાયોપશમિકભાવનાં સુખોમાં લેપાવા જેવું નથી. ક્ષાપોપશમિકભાવના ગુણોમાં આગળ વધતાં ક્ષાયિકભાવના ગુણો પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવાનો છે.

• જે પુણ્યનો ઉદય ભૌતિક સુખોનો રાગ - આસક્તિ વધારે તે અધ્યાત્મના માર્ગ માટે નુકશાનકારક છે. પુણ્યનો નશો ચઢે તો આત્મા ભાન ભૂલી જાય છે.

ધ

## ★ દાનધર્મ-૨ (ગતાંકથી) ★★★

(૪) અન્યાયથી પ્રાપ્ત દ્રવ્ય - કુપાત્રમાં દાન : આ વિકલ્પ તો ચારમાં સૌથી કનિષ્ઠ છે. આમાં દ્રવ્ય અને પાત્ર : બંને દૂષિત છે, માટે ફળ પણ દૂષિત જ મળે. અર્થાત્ એના દ્વારા કુપાત્રની પુષ્ટિ થતી હોવાથી અશુભ કર્મબંધ, દુર્ગતિ વગેરે થાય છે. દાન ધર્મના મૂળમાર્ગને નુકસાન પહોંચે છે. આપનાર - લેનાર; બંને આત્માઓનું અહિત થાય છે. લોકોમાં અનવસ્થા ફેલાય છે. મતલબ, ખોટી પરંપરા ચાલે છે. દાનની ક્રિયાને ધર્મ બનાવવા માટે ઘણી કાળજી લેવી પડે છે. ખૂબ સાવધાની રાખવી પડે છે. કોઈપણ ધર્મ સાવધાની તો માગે જ. ધર્મ સારો હોવા છતાં તેમાં રહેલી - થયેલી બેકાળજી - બેસાવધાની નુકશાન પહોંચાડે છે. એમાં વાંક ધર્મનો નથી, ધર્મ કરનારનો છે. ધર્મ તો એકાંત હિતકાર-કલ્યાણકર છે.

આ ચોથા પ્રકારના દાનથી આ લોકમાં કે પર લોકમાં કોઈ જ લાભ (પુણ્ય) થતો નથી. હા, નુકશાન જરૂર થાય છે. માટે દ્રવ્ય કદાચ અન્યાયનું - અશુદ્ધ હોય તોય પાત્ર તો સારું જ શોધવું જોઈએ. સુપાત્રમાં જ દાન આપવું જોઈએ. નહીંતર ગાયને દોહીને કૂતરીને દૂધ પીવડાવવા જેવું અથવા ગાયને મારીને કૂતરાને પોષણ આપવા જેવું થાય. અન્યાયના દ્રવ્યથી અનેક પ્રકારે પાપ ને અભિમાન વગેરે થાય છે. ઘણી રીતે, ઘણાને છેતરીને દ્રવ્ય ઉત્પન્ન કરે (કમાણી કરે) તો તે દ્રવ્ય દુર્ગતિમાં લઈ જાય છે. પાપનાં કડવાં પરિણામો ત્યાં ભોગવવાં પડે છે.



**પાત્રની નિરુક્તિ વ્યાખ્યા :**

**पकारेणोच्यते पापं, त्रकारो त्राणवाचकः ।**
**अक्षरद्वयसंयोगे, पात्रमाहुर्मनीषिणः ॥**

પાત્રમાં બે અક્ષર છે. એમાં પ્રથમ પકારથી પાપ લેવું. ત્રકારથી રક્ષણ અ કરવો. મતલબ, પાપથી જે રક્ષણ કરે તે પાત્ર. પા અને ત્રના સંયોગથી બને શબ્દને પાત્ર કહેવાય છે. બુદ્ધિમાન આત્માઓએ આ વ્યાખ્યા કરી છે.

**ઉત્તમ વગેરે પાત્રના પ્રકારઃ**

**उत्तमं पत्तं साहू, मज्झिमपत्तं च सावया भणिया ।**
**अविरयसम्मद्दिट्ठी, जहण्णपत्तं मुणेयव्वं ॥**

સાધુ મહાત્મા એ ઉત્તમ પાત્ર છે. દેશવિરતિધર શ્રાવકો મધ્યમ પાત્ર ગણા છે અને અવિરત સમ્યગ્દષ્ટિ (સમકિતી) જીવને જઘન્યપાત્ર જાણવો.

**પાત્રનું બીજી રીતે વિભાગીકરણ (કૅટેગરી) :**

**मिथ्यादृष्टिहस्रेषु, वरमेको ह्यणुव्रती ।**
**अणुव्रतीसहस्रेषु, वरमेको महाव्रती ॥**
**महाव्रतीसहस्रेषु, वरमेको हि तात्त्विकः ।**
**तात्त्विकस्य समं पात्रं, न भूतो न भविष्यति ॥**

હજાર મિથ્યાદષ્ટિજીવોને દાન આપો તેના કરતાં એક અણુવ્રત (દેશવિરતિધર) ચઢી જાય. હજાર અણુવ્રતી કરતાં એક મહાવ્રતધારી શ્રમણ શ્રે ગણાય. હજાર મહાવ્રતી કરતાં એક તાત્ત્વિક (તત્ત્વજ્ઞાની) ઊંચો ગણાય. તત્ત્વજ્ઞા જેવું પાત્ર થયું નથી, થશે પણ નહીં.

**દાનના સાત્ત્વિક આદિ ભેદ :**

**दातव्यमिति यद्दानं, दीयतेऽनुपकारिणे ।**
**क्षेत्रे काले च भावेन, तद्दानं सात्त्विकं स्मृतम् ॥**
**यस्तु प्रत्युपकाराय, फलमुद्दिश्य वा पुनः ।**
**प्रदीयते परिक्लिष्टं, तद्दानं राजसं स्मृतम् ॥**
**क्रोधाद् बलाभियोगाद् वा, मनोभावं विनाऽपि वा ।**
**यद्दीयते हितं वस्तु, तद्दानं तामसं स्मृतम् ॥**

કોઈ પણ પ્રકારનો ઉપકાર જેઓએ કર્યો નથી.. તેવા આત્માને યોગ્ય ક્ષેત્રમાં, કાળમાં આપવું જ છે તેવા ભાવ સાથે આપવામાં આવે તે સાત્ત્વિક દાન ગણાય. જે વ્યક્તિએ પૂર્વે (ભૂતકાળમાં) ઉપકાર કર્યો છે તેના પ્રત્યુપકાર માટે અથવા તેના ફળની પ્રાપ્તિની ભાવનાથી પરિક્લિષ્ટ અપાય તે રાજસદાન ગણાય. ક્રોધથી અગર બળના અભિયોગથી (સામે બળવાન વ્યક્તિ છે માટે આપવું પડશે એવા ભાવથી) મનવગર હિતકારી વસ્તુનું દાન કરે તો તે દાન તામસભાવવાળું ગણાય છે.

**દાનના વિવિધ પ્રકાર અને ફળ :**

**क्षिप्तकालं कृतावज्ञं, सानुतापं विकत्थितम् ।**
**हीयमानमनौचित्यं, दानमाहुर्मलीमसम् ।।**
**क्षिप्तकाले भवेन्नारी, निर्धना पतिवर्जिता ।**
**अपुत्रा च कृतावज्ञे, सानुतापे च दुर्भगा ।।**
**विकत्थिते स्यादल्पायु - र्हीयमाने तु हीनता ।**
**अनौचित्ये भवेद्व्याधिः, षट्त्यागाश्च मलीमसाः ।।**

૧.દાનમાં વિલંબ કરવો. ૨. અવજ્ઞા(અનાદર) કરીને આપવું ૩. પશ્ચાત્તાપ સાથે આપવું (આપીને પસ્તાવો કરવો) ૪. દાન આપ્યા પછી લોકોને કહી બતાવવું. ૫.ઘટાડીને આપવું. ૬. ઔચિત્ય જાળવ્યા વગર આપવુંઃ આ છ પ્રકારનાં દાન મલિન કહેવાય છે. એનાં ફળ બતાવતાં જણાવે છે કે - આપવામાં વિલંબ કરે તો નિર્ધન (દરિદ્રી) અને પતિરહિત (વિધવા) સ્ત્રીનો અવતાર પામે. અવજ્ઞાપૂર્વક આપે તો પુત્રરહિત (વાંઝણી) સ્ત્રી થાય. પશ્ચાત્તાપ સહિત આપે તો દૌર્ભાગ્યપણું પામે. દાનની જાહેરાત કર્યા કરે તો અલ્પ આયુષ્યવાળી થાય. હીયમાન - ઘટાડીને આપે તો ઓછું મળે. ઔચિત્ય ન જાળવે તો એવા દાનથી રોગવાળી કાયા મળે. માટે દાનની આ છએ મલિનતાનો ત્યાગ કરવો જોઈએ.

**દાનનાં પાંચ દૂષણ તથા અન્ય દોષઃ**

**अनादरो विलम्बश्च, वैमुख्यं विप्रियं वचः ।**
**पश्चात्तापश्च पंचापि, सद्दानं दूषयन्त्यमी ।।**
**कालउं वांको मुह कर, विरतड हुओ हतास ।**
**तिणि दीधइ हुइ कवण गुण, जं फल देइ पलास ।।**

૧. અનાદર પૂર્વક આપવું. ૨ આપવામાં વિલંબ (મોડું) કરવું. ૩. મુખ ફેરવીને (અવળું રાખીને) દાન કરવું. ૪. ખરાબ વચનના ઉચ્ચાર પૂર્વક આપે અને ૫.



આપ્યા પછી પસ્તાવો કરેઃ આ પાંચ વસ્તુ દાનને દૂષિત કરનારી હોવાથી દૂષણરૂપ ગણાય છે.

૧. દાન આપવાના સમયે મોઢું કાળું કર.. દુર્ભાવના રાખે. ૨. મોઢું ફેરવીને દાન કરે. ૩. વિરક્ત થઈને (દાનના ભાવ વગર) આપે. એમ ત્રણ પ્રકારે આપવાથી પલાશના ફળની જેમ (ખાખરાના વૃક્ષનાં ફળ નિરુપયોગી - નિરર્થક હોય છે તે રીતે) કોઈ જ ફળ આપનાર થતાં નથી. એ દાન ગુણકારી થતું નથી.

**भिउडी उड्ढालोयणो, निआदिट्ठी परंमुहं वयणं ।**
**मोण कालविलंबो, नक्कारो छव्विहो होइ ।।**

૧. ભ્રમર ચઢાવીને (અભિમાન વગેરે કારણે) દાન આપે. ૨. ઊંચી આખો કરીને દાન આપે. ૩. નીચી નજરે (સામે ન જુએ) દાન આપે. ૪. પરાંગમુખ થઈને દાન આપે ૫. મૌન ધારણ કરીને દાન આપેઃ અને ૬. વિલંબપૂર્વક દાન આપે આ છ ચિહ્નો દાન નહીં આપવાના ભાવને સૂચિત કરનારાં છે {લેનારે આ છ ચિહ્નો (લિંગોનો) વિચાર કરવો.}

**દાનનાં પાંચ ભૂષણઃ**

**आनंदाश्रूणि रोमांचो, बहुमानं प्रियं वचः।**
**किंचानुमोदनापात्रं, दानभूषणपंचकम् ।।** - ઉપદેશતરંગિણી

૧. દાન આપતાં તથા આપ્યા બાદ આનંદ થવો, આનંદનાં આસુ આવવાં. ૨. શરીર રોમાંચિત થવું. (રોમરાજી વિકસ્વર થવી) ૩. બહુમાનનો ભાવ હૃદયમાં હોય. ૪. પ્રિય - મિષ્ટ વચનનો પ્રયોગ કરે અને ૫. આપેલા શુભ-દાનની અનુમોદના કરે... આ પાંચ દાનનાં ભૂષણ (દાનને શોભાવનારાં દાગીના) છે.

દાનનાં તમામ દૂષણો ટાળીને, દાનને શોભાવનારાં ભૂષણોથી યુક્ત થઈને દાન આપવું. અજૈનોમાં હર્ષરાજાની વાત આવે છે. તે હર્ષરાજા દર પાંચ વર્ષે પ્રયાગતીર્થમાં જઈ પોતાના તમામ ભંડારો (બધી જ કમાણી) દાનમાં આપી દેતો. હીરા - માણેક વગેરે રત્નો તેમજ વસ્ત્રોનું દાન કરી દેતો. પ્રયાગતીર્થમાં તે માટે ૭૫ દિવસ, ૨૦-૨૦ રાજાઓ સાથે રહી દાન કરતો... જેમ જેમ દાન કરતો તેમ તેમ તેની સંપત્તિમાં વૃદ્ધિ થતી. ધર્મમાં દાન કરવાથી - લક્ષ્મીનો સદુપયોગ કરવાથી દોલત વધે છે. દાન ન કરે (ધર્મમાં ન વાપરે) તો તેની લક્ષ્મી ટકતી નથી. લક્ષ્મીને તાળામાં પૂરાઈ રહેવું ક્યાંથી ગમે ? 'દાને દોલત વધે સહી...' આ વાત સજ્ઝાયમાં પણ જણાવી છે. સંસ્કૃતમાં સુભાષિત છે. **'दानं दारिद्रयनाशनम्'** એટલે કે દાન

કરવાથી દરિદ્રતાનો નાશ થાય છે. અર્થાત્ સંપત્તિ કાયમ બને છે. લોક-કહેવત પણ છે ને ? 'ત્યાગે તેને આગે ને માંગે તેને ભાગે...' કૂવામાંથી પાણી કાઢો તો નવું આવે... ન જ કાઢો તો ? હોય તેય ગંધાઈ જાય... કોઈને પીવા લાયક ન રહે ...! માટે દાન ધર્મને જરૂર જીવનમાં સ્થાન આપવું. દાન એ ધર્મ - મહેલમાં પ્રવેશ માટેનું પ્રથમ સોપાન છે. ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

- સંકલન

પૂ. આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રામાં બેંગલોર - બસવેશ્વરનગર (રાજાજીનગર ઇન્ડસ્ટ્રીયલ ટાઉન) ના હાલારી વીશા ઓસવાલ જૈન સંઘમાં સુંદર આરાધના થઈ રહી છે.

ચાતુર્માસ - પર્વાધિરાજ નિમિત્તે થયેલ વિવિધ તપ-જપ-આરાધનાની અનુમોદનાર્થે તથા વાર્ષિક કર્તવ્ય સ્વરૂપે ભા.વ.૧ તા.૧૫-૯-૨૦૧૯ રવિવારથી ભા.વ. ૫ તા.૧૯-૯-૨૦૧૯ ગુરુવાર સુધી પાંચ દિવસનો જિનભક્તિ મહોત્સવ યોજાયો. તેમાં ભા.વ.૧ પહેલા દિવસે સામુહિક થયેલ અદુઃખદર્શી તપના ઉદ્યાપનરૂપે શ્રી આદિનાથપ્રભુની પૂજા કરવા પૂર્વક, પ્રભુને કલ્પવૃક્ષ અર્પણ કરવામાં આવ્યું. ત્યારબાદ તરત અષ્ટાપદની ભાવયાત્રા કરાવવામાં આવી. યાત્રાની સમજણ અને સંવેદના પૂ.આચાર્યભગવંતે કરાવી. સંગીતકાર રોમિલ શાહે સૂર પુરાવ્યો. ભાવયાત્રા બાદ સંઘસાધર્મિક વાત્સલ્ય થયું. સાધર્મિક વાત્સલ્યનો લાભ સાંકળચંદજી મહેન્દ્રકુમાર પટવારી પરિવાર તથા દિનેશભાઈ કાલીદાસ નગરિયા પરિવારે સંયુક્તપણે લીધો હતો. આજે માધવનગરથી પૂ.સા.શ્રી તત્ત્વરક્ષિતાશ્રીજી મ.આદિ પધાર્યા હતાં.

ભા.વ.૨ તા.૧૬-૯-૨૦૧૯ સોમવારે સંગીત અને સંવેદના સાથે અરિહંત વંદનાવલીનો કાર્યક્રમ થયો. પૂ. આચાર્યભગવંતે અરિહંત પરમાત્માના વિશિષ્ટ ગુણોની સંવેદના કરાવી. અરિહંત વંદનાવાલીની રચનાનો ઇતિહાસ રજૂ કર્યો. આજનો લાભ સૌ. હેમલતાબેન દિનેશભાઈ નગરિયા તથા સૌ. નીલમબેન મહેન્દ્રભાઈ પટવારી પરિવારે લીધો હતો.

ભા.વ.૩ તા.૧૭-૯-૨૦૧૯ મંગળવારે સવારે ૯-૦૦ કલાકે સૌ. હેમલતાબેન દિનેશભાઈ નગરિયા તથા સૌ. સંગીતાબેન રમેશચન્દ્ર સોલંકી તરફથી શ્રીવીશસ્થાનક પૂજન ભણાવાયું. પૂજનોમાં ચાલતી અવિધિ - ગરબડ અંગે પૂ.



આચાર્ય ભગવંતે અંગુલી નિર્દેશ કર્યો. સંવેદના પણ કરાવી. વિધિકાર : જસંવતભાઈ (ગુરુજી) તથા સંગીતકાર રોમિલ શાહ હતા. જિનભક્તિ મહોત્સવમાં ભાવિકોની ઉપસ્થિતિ ધ્યાન ખેંચે તેવી હતી.

ભા.વ. ૪ તા.૧૮-૯-૨૦૧૯ બુધવારે સવારે ૯-૦૦ કલાકે શ્રી વિમલ જિનેન્દ્ર સામાયિક મંડળની બહેનો તરફથી મોહનીય કર્મ નિવારણની પૂજા ભણાવાઈ. પૂ. આચાર્ય ભગવંતે જણાવ્યું કે તમને બધાને અંતરાય અને વેદનીયકર્મઃ બે જ નડે છે. મોહનીય કર્મ નથી નડતું ? આઠ કર્મમાં રાજા તો મોહનીય છે. તેમાંય સૌથી મોટી સ્થિતિ મિથ્યાત્વ મોહનીય કર્મની (૭૦ કો. કો. સાગરોપમ) છે. તે વાતને ધ્યાનમાં લઈ મોહનીય કર્મ નિવારણની પૂજા ભણાવાઈ.

ભા.વ. ૫ તા.૧૯-૯-૨૦૧૯ ગુરુવારે સવારે ૯-૦૦ કલાકે શ્રીસિદ્ધચક્ર મહાપૂજન; નવપદની ઓળી કરનાર શ્રાવિકાઓએ ઉદ્યાપનરૂપે ભણાવ્યું. તેમાંય ચાલતી ગરબડો અંગે પૂ.આચાર્યદેવશ્રીએ સૌનું ધ્યાન દોર્યું. આજ કાલ મંત્રોમાં, વિધિ-વિધાનોમાં, ભૂમિશુદ્ધિ, પવિત્રતાદિ ઘણી બાબતોમાં ગરબડ ચાલે છે ! વિધિકારો કે મહાત્માઓ પણ પૂરું ધ્યાન આપતા નથી. લગભગ આંખ આડા કાન થાય છે, ઉપેક્ષા સેવાય છે. આજે માધવનગર ચાતુર્માસ સ્થિત પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય ચન્દ્રભૂષણસૂરીશ્વરજી મહારાજ આદિ પધાર્યા હતા.

મહોત્સવની પત્રિકામાં લિખિતં નો લાભ ગણપતરાજ અમિતકુમાર લબ્ધિ જ્વેલર્સવાળાએ લીધો હતો.

પર્વાધિરાજ પછી પણ પ્રવચનમાં શ્રોતાઓની સંખ્યા સારી જળવાઈ રહી છે. શ્રાદ્ધવિધિ ઉપરાંત કોટલાક મહત્ત્વના - અગત્યના વિષયો પર પૂજ્યશ્રી પ્રકાશ પાથરી રહ્યા છે. એમાં આસો સુ.૫ થી શ્રીપાળ રાજાનો રાસ જ વ્યાખ્યાનમાં ચાલુ કર્યો. શ્રોતાઓને ખૂબ જ રસ પડ્યો. પૂજ્યશ્રીએ સારભૂતશૈલીથી રાસ સમજાવ્યો. સાથે સાથે વિશિષ્ટ શાસ્ત્રીય પદાર્થો પણ પીરસ્યા. પુણ્ય-પાપના ખેલ, સુકૃત-દુષ્કૃતનાં પરિણામો, પુણ્ય અને પુરુષાર્થનો ભેદ, ક્યાં કોનું મહત્ત્વ, નવપદનો પ્રભાવ, પુણ્યની અકળ લીલા, પાપની સજા, દુઃખના દિવસોમાં સમાધિ કેમ રાખવી, સુખમાંય સમાધિથી કેમ રહેવું, સંસારમાં વૈરાગ્ય કેમ પ્રાપ્ત કરવો, તે માટે ક્યા ભાવો ભાવવા ? વગેરે ઘણા વિષયોનાં રહસ્યો પૂજ્યશ્રીએ ખોલ્યાં. આસો સુ.૧૫ ના રાસ પૂરો કર્યો.

હવે કેટલાક જરૂરી વિષયો પર પ્રકાશ પાથરી આસો વ.૯-૧૦ આસપાસ દિવાળી કલ્પના માધ્યમથી વ્યાખ્યાનો થશે. ધ

## કાયોત્સર્ગ : કર્મસમૂહનો નાશ

**काउस्सग्गे जहसुट्ठियस्स, भज्जंति अंगमंगाइं ।**
**इय भिंदंति सुविहिया, अट्ठविहं कम्मसंघायं ।।**

વિધિપૂર્વક કાઉસ્સગ્ગમાં ઊભી રહેલી વ્યક્તિનાં અંગોપાંગ જેમ જેમ ભાંગે - દુઃખે તેમ તેમ સુવિહિત આત્માઓ આઠ પ્રકારનાં કર્મનો - કર્મસમૂહનો નાશ કરે છે. (દેહદુઃખં મહાફલંની આ પણ સાધના છે.)